પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર વ્દારા પ્રકાશીત પ્રકાશનો

૧.	પુષ્ટિવાક્સુધા	૧૫-૦૦
૨.	જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો	૭૦-૦૦
૩.	સિદ્ધાન્તમુક્તાવલી	અપ્રાપ્ય
૪.	સિદ્ધાન્ત સૂક્તિ	નિ:શૂલ્ક - અપ્રાપ્ય
૫.	વિશોધનિકા : (દેધનાધન, ભાગ-૪)	નિ:શુલ્ક - અપ્રાપ્ય
૬.	સિદ્ધાન્ત રહસ્ય	અપ્રાપ્ય
૭.	શ્રીકૃષ્ણાશ્રય (શ્રીકલ્યાણરાયજીની ટીકા)	અપ્રાપ્ય
૮.	ચિરકુટ ચર્ચા સમીક્ષા	નિ:શૂલ્ક
૯.	ધર્માધર્માગ્રદર્શનમ્	અપ્રાપ્ય
૧૦.	શ્રીભાગવત સુધા - રસબિંદુ	૧૫-૦૦
૧૧.	શ્રીસર્વોત્તમસ્તોત્રમ્	૧૫-૦૦
૧૨.	શ્રીયમુનાષ્ટકમ્	૧૫-૦૦
૧૩.	બાલબોધ અને પંચપદ્યાનિ	૫-૦૦
૧૪.	સિદ્ધાન્તરહસ્ય અને નિરોધલક્ષણ	૧૦-૦૦
૧૫.	સિદ્ધાંતમુકતાવલી અને પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ	૫-૦૦
૧૬.	નવરત્નમ્ અને અંત:કરણપ્રબોધ	૧૦-૦૦
૧૭.	વિવેકધૈર્યાશ્રય	૫-૦૦
૧૮.	શ્રીકૃષ્ણાશ્રય	૫-૦૦
૧૯.	ચતુ:શ્લોકી, ભક્તિવર્ધિની અને જલભેદ	૧૦-૦૦
૨૦.	સંન્યાસનિર્ણય અને સેવાફલ	૧૦-૦૦

:: આગામી પ્રકાશનો ::

★ શાસ્ત્રાર્થ પ્રકરણ (ગુજરાતીમાં પ્રકાશ અને આવરણભંગ ટીકા સહીત)
★ પુષ્ટિવિધાનમ્-૩ સહકારીણી
★ શિક્ષાપત્ર સાર સંચય
★ શ્રીમદ્ ભગવદ્ ગીતા સાર સંચય
★ પુષ્ટિમાર્ગીય મર્યાદાના ૨૪ સૂત્રો
★ શ્રીમદ્ ભાગવત ચિંતન પ્રથમ-દ્વિતીય સ્કન્ધ (મુંબઈ)
(પ્રવક્તા : ગો.શ્રીશ્યામમનોરહજી) (વ્રજભાષા)

:: પ્રાપ્તિસ્થાન ::

૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ, ૨-રજપુતપરા, રાજકોટ.
(પ્રવિણ વી. ઢઢાણીયા, મો. ૯૪૨૭૪૯૫૧૫૯)

શ્રીહરિરાયચરણ વિરચિત

શ્રીભાગવત ષોડશોપચાર પૂજન વિધિ

સામગ્રી : જલ, અક્ષત, ચંદન અથવા કંકુ, શ્રીફળ, ફુલવાટ, ધુપ(અગરબતી), પુષ્પ, નાડાછડી, યજ્ઞોપવિત(દોરા)

શ્રીકૃષ્ણાય નમઃ
શ્રીગોપીજનવલ્લભાય નમઃ
શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ

(મંગલાચરણ)

ચિંતાસંતાન હન્તારો યત્પાદામ્બુજરેણવઃ ।
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન પ્રણમામિ મુર્હુમુહુઃ ।।
યદનુગ્રહતો જન્તુ સર્વદુઃખાતિગો ભવેત ।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્ વલ્લભનન્દનમ્ ।।
અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાઞ્જનશલાકયા ।
ચક્ષુરુન્મિલિતમ યેન્ તસ્મૈ શ્રીગુરુવે નમઃ ।।
નમામિ હૃદયે શેષે લીલાક્ષિરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિં ।।
ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડભિર્ વિરાજતે યોડસૌ પંચધાહૃદયે મમ ।।

(મંત્રસ્નાન) (હાથમાં જલ લઈને)

કેશવાયનમઃ ।
નારાણયાય નમઃ ।
માધવાય નમઃ ।
અપઃ ઉપઃ સ્પર્શ્યૈ ।

(શાન્તિપાઠ)

હરિ ૐ ભદ્રં કર્ણેભિઃશૃણુયામ દેવાભદ્રં પશ્યેમાક્ષભિર્યજત્રા।
સ્થિરૈરંગૈસ્તુષ્ટુ વાંસસ્તનૂભિર્ વ્યશેમ દેવહિતંયદાયુઃ।।૧।।

(હે દેવતાઓ! અમને કાનોથીએવા જ વચનો સાંભળવા મળે, જે પરિણામે કલ્યાણકારી હોય. અમે યજ્ઞ-કર્મ કરવાસમર્થ થઈને પોતાની આ આંખોથી હંમેશા શુભ જ શુભ જોઈએ - અશુભનું કયારેય દર્શન ન થાય. અમારું શરીર અને તેના અવયવો સ્થિર હોય - પુષ્ટ હોય; અને તેમના થકી પરમાત્માની સ્તુતિ તથા ભગવાન્‌ની સેવા કરતા રહીને અમે એવા આયુષ્યનો ભોગ કરીએ, એવું જીવન વિતાવીએ કે જે દેવતાઓ માટે હિત કરનારું હોય અને જેનો ઉપયોગ દેવ-કાર્યમાં થઈ શકે.)

(હાથમાં જલ અને અક્ષત લઈને)

ૐ વિષ્ણુર્વિષ્ણુર્વિષ્ણુઃ ।। શ્રીમદ્‌ભગવતોમહાપુરુષસ્ય શ્રીવિષ્ણોરાજ્ઞયા પ્રવર્તમાનસ્ય અદ્ય બ્રહ્મણો દ્વિતીયે પરાર્ધે શ્રીશ્વેતવારાહકલ્પે વૈવસ્વતમન્વન્તરે અષ્ટાવિંશતિતમે કલિયુગે પ્રથમચરણે ભૂર્લોકે ભરતખણ્ડે જમ્બુદ્વીપે અમુક દેશે(.....)બુદ્ધાવતારે અમુકાયને(....) અમુક (?....)માસોત્તમે માસે અમુક માસે(......) અમુક પક્ષે(........) અમુક તિથૌ(.....) અમુક વાસરે(.....) અમુક દિવસનક્ષત્રે(.........) અમુક રાશિસ્થિતે (.......) ચન્દ્રે અમુક રાશિ(.......) સ્થિતે શ્રીસૂર્યે અમુક રાશિ(.........)સ્થિતે દેવગુરૌશેષેશુ ગ્રહેશુ યથા-યથા રાશિસ્થાન સ્થિતેષુ સત્સુ એવં ગ્રહગુણવિશેષણવિશિષ્ટાયાં શુભપુણ્યતિથૌ મમ સકુટુમ્બસ્ય સપરિવારસ્ય શ્રીગોવર્ધનધરણ-ચરણારવિન્દપ્રસાદાત્ શ્રીભગવન્નામાત્મક સ્વરૂપ- શ્રીભાગવતસ્ય પાઠ સંશાતાસિધ્યર્થં શ્રીમદ્‌ભાગવતસ્ય પ્રતિષ્ઠાપૂજનંચ અહં કરિષ્યે।

(મમોપાત્ત દુરીતક્ષય દ્વારા શ્રીગોપીજનવલ્લભપ્રિત્યર્થં શ્રીભગવન્નામાત્મક શ્રીભાગવતસ્ય પાઠ સાંગતા સિધ્યર્થં પ્રતિષ્ઠાપૂજનંચ અહંકરિષ્યે।।)

(દેવતાઓએ પૂર્વોક્ત માનસિક યજ્ઞ વડે યજ્ઞસ્વરૂપ પુરુષ- પ્રજાપતિની આરાધના કરી. આ આરાધનાથી સમસ્ત જગતને ધારણ કરનારાં તે પૃથ્વી વગેરે મુખ્ય ભૂતો પ્રગટ થયાં. આ યજ્ઞની ઉપાસના કરનારા મહાત્મા પુરુષો તે સ્વર્ગલોક પ્રાપ્ત કરે છે, કે જ્યાં પ્રાચીન સાધ્ય-દેવતા નિવાસ કરે છે.)૧૮.

(પ્રાર્થના)

વન્દે શ્રીકૃષ્ણદેવં મુરનરકભિદં વેદવેદાન્તવેદ્યં ।
લોકે ભક્તિપ્રસિદ્ધ્યૈ યદુકુલજલધૌ પ્રાદુરાસીદપારઃ ।।
યસ્યાસીદ્રૂપમેવ ત્રિભુવનતરણે ભક્તિવચ્ચ સ્વતન્ત્રં ।
શાસ્ત્રં રૂપં ચ લોકે પ્રકટયતિ મુદા યઃ સ નો ભૂતિહેતુઃ ।।

(લોકમાં ભક્તિની પ્રસિદ્ધિ કરવાને માટે યાદવોના કુલરૂપી મહાસાગરમાં જે પ્રકટ થયેલા તે અપાર ભગવાન્ કૃષ્ણ કે જેમણે મુર અને નરક નામના અસુરોનો નાશ કર્યો હતો અને જે વેદ અને વેદાન્તથી જાણવા યોગ્ય છે તેમને વન્દન કરું છું. ત્રિભુવનને તરી જવાને આમ ભક્તિવાળું જે પ્રભુનું રૂપ સ્વતન્ત્ર હતું, જે લોકમાં આનન્દપૂર્વક શાસ્ત્ર અને રૂપને પ્રકટ કરે છે તે પ્રભુ અમારી ચડતીના કારણરૂપ થાઓ.)

નમઃ શ્રીકૃષ્ણપાદાબ્જતલકુંકુમપંકયોઃ ।
રુચયેદ્ અરુણં શશ્વન્ મામકં હૃદયાંભુજમ્ ।।

(જે કંઈક લાલ ચરણકમળ મારા હૃદયકમળમાં સદા પ્રકાશ કરી રહેલું છે તેવું ભક્તોનું ઈચ્છિત દેનારું ભગવાન્ શ્રીકૃષ્ણનું ચરણકમળ તેને નમસ્કાર.)

ઈતિ શ્રીહરિદાસવિરચિતઃ શ્રીભાગવતપુસ્તકષોડશોપચારપૂજનવિધિસમાપ્તઃ

।।શ્રીકૃષ્ણાર્પણમસ્તુ ।।

(આમ શ્રીહરિદાસ શ્રીહરિરાયજી રચિત શ્રીમદ્ભાગવતના ષોડશોપચાર પૂજનનો વૈદિક વિધિ સમ્પૂર્ણ થયો; એ શ્રીકૃષ્ણને અર્પણ થાઓ)

શ્રીકૃષ્ણં પરમાનદં, દશલીલાયુતં સદા ।
સર્વભકતસમુદ્ધારે, વિસ્ફુરન્તં પરં નુમઃ ।।

(સંક્ષિપ્ત પૂજન)

સર્વોપચારાર્થે ગંધાક્ષત પુષ્પાણિ સમર્પયામિ – નમસ્કરોમિ।

“તદસ્તુ મિત્રાવરુણ” ઈતિ પ્રતિષ્ઠાં કુર્યાત્।
તતઃ પુરુષસૂક્તેન આવાહનાદિ ષોડશોપચારૈઃ પૂજયેત્ ।

(આવા ગુણ અને વિશેષણવાળી શુભ પુણ્ય તિથિએ શ્રીગોવર્ધનધરણના ચરણારવિન્દની કૃપાથી કુટુમ્બ અને પરિવારવાળા મને શ્રીભગવાન્‌ના નામરૂપ શ્રીભાગવતના પાઠની અંગ સહિત સિદ્ધિ મળે એ માટે શ્રીમદ્ભાગવતની પ્રતિષ્ઠા અને પૂજન કરીશ.)

(પ્રતિષ્ઠા)

તદસ્તુ મિત્રાવરુણા તદગ્ને શંયોરસ્મભ્યમિદમસ્તુ શસ્તમ્ ।
અશીમહિ ગાધમુત પ્રતિષ્ઠાં નમો દિવે બૃહતે સાદનાય।।
શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીભાગવતાય નમઃ ।

(હે પરમાત્મા ! આપ સૌના મિત્ર – હિતકારી છો તેથી મિત્રના નામથી તમને લોકો પોકારે છે; સૌથી સારા – શ્રેષ્ઠ છો તેથી આપ વરુણ છો, સૌને ગ્રહણ કરનારા છો તેથી અગ્નિ છો. અમે આપને આ ‘મિત્ર’, ‘વરુણ’ અને ‘અગ્નિ’ એ નામોથી સંબોધિત કરીને પ્રાર્થના કરીએ છીએ કે આ સૂક્ત (આપના સુ-યશથી પૂર્ણ આ શ્રીમદ્ભાગવતરૂપી સુંદર ઉક્તિ) અત્યંત પ્રશસ્ત થાઓ, તે સર્વોત્તમ થવાની સાથે જ તેની ખ્યાતિ થાઓ તથા તેનો પ્રસાર થાઓ અને આ સૂક્ત અમારે માટે એવું સુખ, એવી શાંતિ આપે કે જેમાં દુઃખ અથવા અશાંતિ ભળેલા ન હોય; અર્થાત્ એનાથી અમને નિત્ય-સુખ અને નિત્ય શાંતિ પ્રાપ્ત થાઓ. અમે ઈચ્છીએ છીએ અવિચળ સ્થિતિ; અમે ઈચ્છીએ છીએ શાશ્વત પ્રતિષ્ઠા; એને અમે આ સૂક્ત દ્વારા પ્રાપ્ત કરી શકીએ. હે દેવદેવ! આ આપનું અત્યંત પ્રકાશમાન, પરમ મહાન, સમસ્ત લોકોનું સમસ્ત આશ્રયભુત ‘સૂર્ય’ નામનું જે સ્વરૂપ છે તેને અમે સદૈવ વંદન કરીએ છીએ.)

(શ્રીભાગવતાહ્વાનમ્) (હાથમાં અક્ષત લઈને)

**ૐ સહસ્રશીર્ષા પુરુષઃ સહસ્રાક્ષઃ સહસ્રપાત્ ।
સ ભૂમિં વિશ્વતો વૃત્વા અત્યતિષ્ઠદ્ દશાંગુલમ્ ।।૧।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણે શ્રીભાગવતાય નમઃ ।
શ્રીભાગવતમ્ આવહયામિ ।**

(સર્વાન્તર્યામી પરમાત્મા આ સમસ્ત બ્રહ્માંડની ભૂમિને બધી બાજુએ વ્યાપ્ત કરીને રહેલા છે અને એનાથી દશ આંગળ ઊંચે પણ રહેલા છે, એટલે કે બ્રહ્માંડમાં વ્યાપેલા હોવા છતાં પણ તેનાથી પર પણ છે. તે પરમાત્માનાં મસ્તક, નેત્રો વગેરે જ્ઞાનેન્દ્રિયો અને ચરણો વગેરે કર્મેન્દ્રિયો હજારોની સંખ્યામાં છે, અસંખ્ય છે.)

(આસનમ્)

**પુરુષ એવેદં સર્વં યદ્ ભૂતં યચ્ચ ભવ્યમ્ ।
ઉતામૃતત્વસ્યેશાનઃ યદન્નેનાતિરોહતિ ।।૨।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણે શ્રીભાગવતાય નમઃ ।
આસનં સમર્પયામી ।** (શ્રીભાગવતજીના આસનને સ્પર્શ કરવો)

(આ જે કંઈ આ સમયે વિદ્યમાન છે તે બધું પરમાત્માનું જ સ્વરૂપ છે; ભૂતકાલીન અને ભવિષ્ય વ્યત્કાલીન જગત પણ (સ્વયં) પરમાત્મા જ છે. એટલું જ નહીં, તે પરમાત્મા અમૃતત્વના સ્વામી હોવાથી અન્નથી ઉત્પન્ન થનારા જીવમાં તિરોહિત થતા નથી – સૌને નિયમમાં રાખનારા તે પરમાત્મા જ છે.)

(પાદ્યમ્) (હાથમાં જલ લઈને)

**એતાવાનસ્ય મહિમા અતો જ્યાયાંશ્ચ પુરુષઃ ।
પાદોસ્ય વિશ્વાં ભૂતાનિ ત્રિપાદસ્યામૃતં દિવિ ।।૩।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણે શ્રીભાગવતાય નમઃ ।
પાદ્યં સમર્પિયામિ ।**

(ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળથી સંબંધ રાખનારું જેટલું પણ જગત છે – એ બધું આ પુરુષનો મહિમા છે, આ પરમાત્માની વિભૂતિનો વિસ્તાર છે. તેનું પારમાર્થિક સ્વરૂપ માત્ર આટલું જ નથી, તે પુરુષ આ બ્રહ્માંડમય વિરાટ સ્વરૂપ કરતાં

(દક્ષિણામ્)

**સપ્તાસ્યાસન્ પરિધયઃ ત્રિઃસપ્તસમિધઃ કૃતાઃ।
દેવાયદ્ યજ્ઞં તન્વાના અબધ્નન્ પુરુષં પશુમ્ ।।૧૫।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણે શ્રીભાગવતાય નમઃ ।
દક્ષિણાં સમર્પિયામિ।**

(પ્રજાપતિના પ્રાણરૂપી દેવતાઓએ માનસિક યજ્ઞનું અનુષ્ઠાન કરતી વખતે સંકલ્પ દ્વારા પુરુષરૂપી પશુનું બંધન કર્યું હતું તે સમયે સાત સમુદ્રો આ યજ્ઞની પરિધિ હતા અને એકવીસ પ્રકારનાં છંદોની સમિધા થઈ. (ગાયત્રી વગેરે ૭, શ્રુતિ જગતી વગેરે ૭ અને કૃતિ વગેરે ૭ – આ જ ૨૧ છંદ છે.)

(નમસ્કારમ્)

**વેદાહમેતં પુરુષં મહાન્તમ્ આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ।
સર્વાણિ રૂપાણિ વિચિત્ય ધીરો નામાનિ કૃત્વાભિવદન્ યદાસ્તે ।।૧૬।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણે શ્રીભાગવતાય નમઃ ।
નમસ્કારં સમર્પિયામિ ।**

(પ્રદક્ષિણા)

**ધાતા પુરસ્તાદ્યમુદાજહાર શક્રઃ પ્રવિદ્વાન્ પ્રદિશશ્ચતસ્રઃ।
તમેવં વિદ્વાનમૃત ઇહ ભવતિ નાન્યઃ પન્થા અયનાય વિદ્યતે ।।૧૭।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણે શ્રીભાગવતાય નમઃ ।
પ્રદક્ષિણાં સમર્પિયામિ ।**

(ત્રણ વખત પ્રદક્ષિણા શ્રીભાગવતજીને અથવા જગ્યા ન હોય તો આત્મપ્રદક્ષિણા કરવી)

(મન્ત્રપુષ્પમ્)

**યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાઃ તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ।
તે હ નાકં મહિમાનઃ સચન્તે યત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ।।૧૮।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણે શ્રીભાગવતાય નમઃ ।
મન્ત્રપુષ્પં સમર્પિયામિ ।**

(દીપમ્) (દીપ કરીને)

બ્રાહ્મણોઽસ્ય મુખમાસીદ્બાહૂ રાજન્યઃ કૃતઃ।
ઉરૂ તદસ્યયદ્વૈશ્યઃપદ્ભ્યાંશૂદ્રો અજાયત ।।૧૨।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણેશ્રીભાગવતાય નમઃ ।
દીપંસમર્પિયામિ ।

(બ્રાહ્મણ તેનું મુખ હતો, અર્થાત્ મુખમાંથી બ્રાહ્મણની ઉત્પત્તિ થઈ; તેની બંને ભુજાઓ ક્ષત્રિય જાતિ બની, અર્થાત્ તે ભુજાઓમાંથી ક્ષત્રિયો પ્રગટ થયા; તે પુરુષની બંને જંઘાઓ વૈશ્ય થઈ, અર્થાત્ જંઘાઓમાંથી વૈશ્ય જાતિની ઉત્પત્તિ થઈ; અને તેના ચરણમાંથી શૂદ્ર જાતિ પ્રગટ થઈ.)૧૨.

(નૈવેદ્યમ્) (નિવેદ લઈને)

ચન્દ્રમા મનસો જાતઃ ચક્ષોઃ સૂર્યો અજાયત ।
મુખાદિન્દ્રશ્ચાગ્નિશ્ચ પ્રાણાદ્વાયુરજાયત ।।૧૩।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણેશ્રીભાગવતાય નમઃ ।
નૈવેદ્યં સમર્પિયામિ ।

(તેના મનમાંથી ચન્દ્રમા ઉત્પન્ન થયા, તેના નેત્રોમાંથી સૂર્યની ઉત્પત્તિ થઈ, તેના પ્રાણોથી વાયુ અને પ્રાણની ઉત્પત્તિ થઈ અને તેના મુખમાંથી અગ્નિનો પ્રાદુર્ભાવ થયો.)૧૩.

(પુંગીફલતામ્બુલમ્) (સોપારી-પાન લઈને)

નાભ્યા આસીદન્તરિક્ષંશીર્ષ્ણો દ્યોઃ સમવર્તત્ ।
પદ્ભ્યાંભૂમિર્દિશઃશ્રોત્રાત્ તથા લોકાત્અકલ્પયન્।।૧૪।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણેશ્રીભાગવતાય નમઃ ।
પુંગીફલતામ્બુલં સમર્પિયામિ ।

(તેની નાભિમાંથી અંતરિક્ષ-લોકની ઉત્પત્તિ થઈ, તેના મસ્તકમાંથી સ્વર્ગલોક પ્રગટ થયો, ચરણોમાંથી પૃથ્વી અને કાનોમાંથી દિશાઓપ્રગટ થયાં - આ પ્રમાણે એમણે સમસ્ત લોકોનું કલ્પન કર્યું)૧૪.

પણ ઘણો મોટો છે. આ સઘળું વિશ્વ (આ ત્રણે લોક)તો તેના એક પગલામાં છે, તેના એક -ચતુર્થાંશમાંસમાપ્ત થઈ જાય છે. હજી તેના ત્રણ પગલાં વધારામાં શેષ છે. આ ત્રિપાદ -સ્વરૂપઅમૃત છે - અવિનાશી છે અને પરમ પ્રકાશમય દ્યુલોકમાં અર્થાત્ પોતાના સ્વરૂપમાં જ રહેલો છે.)

(અર્ધ્યમ્) (હાથમાં જલ લઈને)

ત્રિપાદૂર્ધ્વમુદૈત્પુરુષઃ પાદોસ્યેહાભવત્પુનઃ ।
તતો વિષ્વંવ્યક્રામત્સાશનાનશને અભિ ।।૪।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણેશ્રીભાગવતાય નમઃ ।
હસ્તયો અર્ધ્યં સમર્પિયામિ ।

(આ ત્રિપાદ પુરુષ ઉપર ઊઠેલો છે, એટલે કે તે પરમાત્મા અજ્ઞાનના કાર્યભૂતઆ સંસારથી અલગ છે તથા અહીંના (આ સંસારના ગુણદોષોથીઅતીત રહીને ઊંચી સ્થિતિમાં વિરાજમાન છે. તેનો એક અંશમાત્ર અહીં જગત-રૂપેઉત્પન્ન થયો, પછી તો જડ -ચેતનમયીઅનેક પ્રકારનીસૃષ્ટિનારૂપમાં, પોતે જ ફેલાઈને સર્વ દિશાઓમાંવ્યાપી ગયો.)

(આચમનીયમ્) (હાથમાં જલ લઈને)

તસ્માદ્વિરાડ જાયત્વિરાજો અધિ પુરુષઃ ।
સ જાતો અત્યરિચ્યત પશ્ચાદ્ભૂમિમથો પુરઃ ।।૫।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણેશ્રીભાગવતાય નમઃ ।
મુખે આચમનીયં સમર્પિયામિ ।

(તે આદિ પુરુષપરમાત્માથી વિરાટની ઉત્પત્તિ થઈ, આ બ્રહ્માંડ ઉત્પન્ન થયું. આ બ્રહ્માંડથી ઉપર એનો અભિમાની એક પુરુષ પ્રગટ થયો. તાત્પર્ય એ કે, પરમાત્માએ પોતાના સર્વભવન સામર્થ્ય થકી વિરાટ બ્રહ્માંડની રચના કરીનેપોતે જ તેમાં જીવરૂપેપ્રવેશ કર્યો.તે જ જીવ બ્રહ્માંડનોઅભિમાની દેવતા(હિરણ્યગર્ભ) થયો. આ રીતે ઉત્પન્ન થઈને તે વિરાટ પુરુષ ફરી દેવતા, તિર્યક્, મનુષ્ય વગેરે અનેક રૂપોમાં પ્રગટ થયો. ત્યારપછીતેણે ભૂમિ ઉત્પન્ન કરી,પછીજીવોના શરીરની રચના કરી.)

(સ્નાનમ્) (હાથમાં જલ લઈને)

**યત્પુરુષેણ હવિષા દેવાયજ્ઞમતન્વત ।
વસન્તોડસ્યસીદાજ્યંગ્રીષ્મ ઈધ્મઃ શરદ્ધવિઃ ।।૬।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણેશ્રીભાગવતાય નમઃ ।
સ્નાનં સમર્પિયામિ ।**

(તે સમયે દેવતાઓએ યજ્ઞ કરવાની ઈચ્છા કરી, પરંતુ યજ્ઞની કોઈ સામગ્રી ઉપલબ્ધ ન થઈ; ત્યારે એમણે પુરુષ-સ્વરૂપમાં જ હવિષ્યની ભાવના કરી. જ્યારે પુરુષરૂપી હવિષ્યથી જ દેવતાઓએ યજ્ઞનો વિસ્તાર કર્યો તે સમયે એમના સંકલ્પ અનુસારા વસંતઋતુ ઘી થઈ, ગ્રીષ્મઋતુએ સમિધનું કામ આપ્યું અને શરદ ઋતુથી વિશેષ પ્રકારના ચરુ-પુરોડાશ વગેરે હવિષ્યની જરૂરિયાત પૂરી થઈ.)૬.

(વસ્ત્રમ્) (હાથમાં વસ્ત્ર લઈને)

**તં યજ્ઞં બર્હિષિ પ્રૌક્ષન્ પુરુષં જાતમગ્રતઃ ।
તેન દેવાઅયજન્તસાધ્યા ઋષયશ્ચયે ।।૭।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણેશ્રીભાગવતાય નમઃ ।
વસ્ત્રં સમર્પિયામિ ।**

(જેમાં સર્વ કંઈ હવન કરવામાં આવ્યું તે યજ્ઞ-પુરુષથી ઋગ્વેદ અને સામવેદ પ્રગટ થયા, તેનાથી જ ગાયત્રી વગેરે છંદોની ઉત્પત્તિ થઈ તથા તેનાથી જ યજુર્વેદ નો પણ પ્રાદુર્ભાવ થયો.)

(યજ્ઞોપવીતમ્) (હાથમાં યજ્ઞોપવીત લઈને)

**તસ્માદ્ યજ્ઞાત્ સર્વહુતઃ સમ્ભૃતં પૃષદાજ્યમ્।
પશૂંસ્તાંશ્ચક્રે વાયવ્યાન્ આરણ્યાન્ ગ્રામ્યાશ્ચ યે ।।૮।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણેશ્રીભાગવતાય નમઃ ।
યજ્ઞોપવીતં સમર્પિયામિ।**

(જેમાં સર્વ કંઈ હવન કરવામાં આવ્યું તે પુરુષરૂપી યજ્ઞમાંથી દહીં-ઘી વગેરે સામગ્રી ઉત્પન્ન થઈ. પુરુષે વનમાં ઉત્પન્ન થનારાં હરણ વગેરે પશુઓ અને ગાયોમાં ઉત્પન્ન થનારાં ગાય-ઘોડા વગેરે પશુઓ તેમ જ વાયુ-દેવતા-સંબંધી પ્રસિદ્ધ પશુઓ પણ ઉત્પન્ન કર્યાં.)૮.

(ચન્દનમ્) (હાથમાં ચન્દન લઈને)

**તસ્માદ્ યજ્ઞાત્ સર્વહુત ઋચઃ સામાનિ જજ્ઞિરે ।
છન્દંસિ જજ્ઞિરે તસ્માદ્ યજુસ્તસ્માદજાયત ।।૯।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણેશ્રીભાગવતાય નમઃ ।
ચન્દનં સમર્પિયામિ ।**

(સૌથી પહેલાં ઉત્પન્ન થયેલો તે પુરુષ જ, તે સમયે યજ્ઞનું સાધન હતો. દેવતાઓએ તેને સંકલ્પ વડે યૂપમાં બંધાયેલ પશુ માન્યો અને તે માનસિક યજ્ઞમાં તે સંકલ્પિત પશુના ભાવના વડે જ પ્રોક્ષણ વગેરે સંસ્કાર કર્યા. આ પ્રમાણે સંસ્કાર કરાયેલા તે પુરુષરૂપી પશુ દ્વારા દેવતાઓ, સાધ્યો અને ઋષિઓએ તે માસિક યજ્ઞ પૂર્ણ કર્યો.)૯.

(પુષ્પમ્) (હાથમાં પુષ્પ લઈને)

**તસ્માદશ્વાઅજાયન્ત યે કેચોભયાદતઃ।
ગાવોહ જજ્ઞિરે તસ્માત્ તસ્માજજાતા અજાવયઃ ।।૧૦।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણેશ્રીભાગવતાય નમઃ ।
પુષ્પં સમર્પિયામિ ।**

(તે યજ્ઞપુરુષથી ઘોડા ઉત્પન્ન થયા. એ ઉપરાંત, નીચે-ઉપર બંને તરફ દાંત ધરાવનારા ખચ્ચર, ગધેડાં વગેરે જે પ્રાણીઓ છે તે પણ ઉત્પન્ન થયાં. તે જ યજ્ઞ-પુરુષથી ગાયો ઉત્પન્ન થઈ અને તેનાથી જ ઘેટાં અને બકરાંની ઉત્પત્તિ થઈ.)૧૦.

(ધૂપમ્) (ધૂપ કરીને)

**યત્પુરુષં વ્યદધુઃ કતિધા વ્યકલ્પયન્।
મુખં કિમસ્ય કૌ બાહૂ કાવૂરૂ પાદાવુચ્યેતે ।।૧૧।।
શ્રીભગવન્નામાત્મક સ્વરૂપિણેશ્રીભાગવતાય નમઃ ।
ધૂપં સમર્પિયામિ ।**

(જ્યારે પ્રાણમય દેવતાઓએ તે યજ્ઞપુરુષ (પ્રજાપતિ)ને પ્રગટ કર્યો તે સમયે તેના અવયવો રૂપે કેટલા વિભાગ કર્યા. તે પુરુષને શું હતું. બંને ભુજાઓ શી હતી, બંને જાંઘ અને બંને પગ કોણ હતા ?)૧૧.